Extra No. 147

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. LVI ] TUESDAY, AUGUST 11, 2015/SRAVANA 20, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

---

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ-ના તારીખ : ૨૩મી જુલાઈ, ૨૦૧૫** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચ-એસએચ-૩-૨૦૧૫-એમકેએમ-૧૦૨૦૧૪-૩૬૨૪૯-છ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

**Notification**

**Regarding**

**The Senior Clerk, Class-III, Recruitment Rules, 2015.**

**સિનિયર કારકુન, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૫ સંબંધી**

**જાહેરનામું.**

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જુલાઈ, ૨૦૧૫.

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જીએચ - એસએચ - ૩ - ૨૦૧૫ - એમકેએમ - ૧૦૨૦૧૪ - ૩૬૨૪૯ - છ-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સમાજ સુરક્ષા નિયામકની કચેરી-ની તાબાની સેવામાં, સિનિયર કારકુન, વર્ગ-૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો સિનિયર કારકુન, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો ''સિનિયર કારકુન'' એટલે આ નિયમો સાથે જોડેલા એનેક્ષરમાં સમાવિષ્ટ જગા.

૩. સમાજ સુરક્ષા નિયામકની કચેરી-ની તાબાની સેવામાં, સિનિયર કારકુન, વર્ગ-૩-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે સમાજ સુરક્ષા નિયામકની કચેરી-ની તાબાની સેવામાં, જુનિયર કારકુન, વર્ગ-૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય; અને

(૨) ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા (તાલીમ અને પરીક્ષા) નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૪. સીધી પસંદગીથી અને બઢતીથી કરવાની નિમણૂકો ૧:૨ના પ્રમાણમાં કરવામાં આવશે.

૫. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા સરકાર દ્વારા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી

ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે એક વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, સરકાર ઠરાવે તેવા નિયમો અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર આ અર્થે ઠરાવે તેવા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા અને હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૧૦. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે સરકાર આ અર્થે ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૧. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર આ અર્થે ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

## અનુસૂચિ
## *(જુઓ નિયમ ૨)*

| અનુક્રમાંક | જગાનું નામ |
|---|---|
| (૧) | સિનિયર કારકુન |
| (૨) | રેકર્ડ કીપર |
| (૩) | પેટા-હિસાબનીશ |
| (૪) | સબ-ઓડિટર |

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**એમ. એલ. ભગોરા,**
સરકારના ઉપસચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.